# સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ




'એક બાળ - એક વૃક્ષ' શાળા વનીકરણ કાર્યક્રમ હેઠળ ગાંધીનગર શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સેક્ટર-૭ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. દરેક વિદ્યાર્થીને એક વૃક્ષ વાલીની સંમતિથી ભેટ આપવામાં આવ્યું હતું. ઉપરાંત શાળાના સ્ટાફને પણ વૃક્ષો ભેટ આપવામાં આવ્યાં હતાં. સંયોજક નટુભાઈ લાડાણીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આચાર્ય મુકેશકુમાર બી જાનીએ વિદ્યાર્થીઓને વૃક્ષનું મહત્ત્વ સમજાવ્યું હતું.



વાવોલમાં કાર્યરત અલ્મા મેટર પ્રિસ્કૂલનાં ભૂલકાઓએ ત્રિમંદિરની અભ્યાસ મુલાકાત લીધી હતી. અહીં દર્શન ઉપરાંત મંદિરની આધ્યાત્મિક પ્રવૃત્તિઓ વિશે પણ બાળકોએ માહિતી મેળવી હતી અને મંદિરના પરિસરમાં રાખવામાં આવેલા હિંચકા પર ઝૂલીને ભરપૂર આનંદ પ્રાપ્ત કર્યો હતો.



જેએમપી ગોપાલક વિદ્યા સંકુલના વિદ્યાર્થીઓએ મંગળવારે મધુર ડેરીની મુલાકાત લીધી હતી. તેમણે ડેરીના સઘળા વિભાગોની પ્રત્યક્ષ વિદ્યાર્થીઓને ઉમળકાભેર આવકાર આપી ડેરીની સમગ્રલક્ષી કાર્યપ્રવૃત્તિ અંગે માહિતી પૂરી પાડવામાં આવી હતી.



ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની શોભાસણ પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મદદનીશ શિક્ષક ગાયત્રીબેન પટેલના માર્ગદર્શનમાં વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓએ પણ ઉપસ્થિત રહી શાળાના પટાંગણણાં વિવિધ વૃક્ષોનું વાવેતર કર્યું હતું તથા તેમના ઉછેર માટેની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી.

## શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે
# એનએસએસ યુનિટ દ્વારા ઓરીએન્ટેશન

ગાંધીનગર, તા. ૩૦

શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગરના એન. એસ. એસ. યુનિટ દ્વારા ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરાયું. આ કાર્યક્રમમાં શ્રી અશ્વિનભાઈ કોમર્સ કોલેજના પ્રોગ્રામ ઓફિસર ડો. રણછોડભાઈ રથવિના વ્યાખ્યાનનું આયોજન કરાયું. તેઓએ વિદ્યાર્થીનીઓને એન. એસ. એસ. ની પ્રવૃત્તિઓ સાથે




વ્યક્તિત્વ વિકાસની વાત કરી અને યુનિટની વિવિધ પ્રવૃત્તિઓની વિગતવાર ચર્ચા કરી.આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન આચાર્ય ડો. એમ. એમ. ચૌધરીએ કર્યું હતું, ભૂતપૂર્વ પ્રો. ઓફિસર ડો. રાકેશ પટેલ હાજર રહ્યા હતા અને પ્રો. ઓફીસર ડૉ. નરેન્દ્ર કે. પટેલે સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. કાર્યક્રમમાં એન. એસ. એસ.ની તમામ સ્વયંસેવિકાઓએ હાજરી આપી.

## જન્મદિને વધામણી



રમીલાબેન કાંતિભાઈ પરમાર
ગાંધીનગર મહાનગર ભાજપ
મો. ૯૯૨૫૭ ૧૫૦૧૧



ચાર્વી અનિલ પટેલ



શિલ્પા ભરત દેસાઈ
પ્રેસીડેન્ટ, ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર
મો. ૮૧૬૦૧ ૨૯૫૮૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે. - સંપાદક

## શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલમાં
# વિદ્યાર્થીઓ માટે વ્યક્તિગત પ્રતિભા સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા. ૩૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલમાં વિદ્યાર્થીઓ માટે વ્યક્તિગત પ્રતિભા સ્પર્ધા યોજવામાં આવી હતી. રંગોળી, મહેંદી અને ફેસ પેઈન્ટિંગ સ્પર્ધા આ ઉપક્રમ અંતર્ગત યોજવામાં આવી હતી. ૩૦ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. મહેંદી સ્પર્ધામાં અંચિતા એમ બાંમણિયા, રંગોળી સ્પર્ધામાં ધ્રુવી એસ ગોંડલિયા અને ફેસ પેઈન્ટિંગ સ્પર્ધામાં જયરાજ રાણા વિજેતા બન્યા હતા, જેમને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે શિક્ષક શ્રેયાબેન પટેલે સેવાઓ આપી હતી, કાર્યક્રમનું સંચાલન આચાર્ય વિનોદભાઈ પટેલના માર્ગદર્શનમાં મનિષાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પાપ અને અનર્થ

મહાસભા વીતી, પણ મારે તો દક્ષિણ આફ્રિકાના કામને અંગે કલકત્તામાં રહી ચેમ્બર ઓફ કોમર્સ ઈત્યાદિ મંડળોને મળવાનું હતું. તેથી હું કલકત્તામાં એક માસ રહ્યો. આ વેળા મેં હોટલમાં ઊતરવાને બદલે ઓળખાણ મેળવી 'ઈંડિયા ક્લબ'માં રહેવાનું ગોઠવ્યું. આ ક્લબમાં આગેવાન હિંદીઓનો ઉતારો રહેતો; તેથી તેમના પ્રસંગમાં આવી તેમને દક્ષિણ આફ્રિકાના કામમાં રસ લેતા કરીશ એવો લોભ હતો. આ ક્લબમાં ગોખલે હંમેશાં નહીં તો વખતોવખત બિલિયર્ડ રમવા આવતા. હું કલકત્તામાં રોકાવાનો હતો એ તેમના જાણવામાં આવતાં જ તેમણે મને પોતાની સાથે રહેવા આમંત્રણ આપ્યું. મેં તે




આભારસહિત સ્વીકાર્યું. પણ મારે મારી મેળે ત્યાં જવું એ તો મને ઠીક ન લાગ્યું. એકબે દિવસ રાહ જોઈ એટલામાં ગોખલે પોતાની સાથે જ મને લઈ ગયા. મારો સંકોચ જોઈ તેમણે કહ્યું, 'ગાંધી, તમારે તો દેશમાં રહેવું છે એટલે આવી શરમ કામ નહીં આવે. જેટલાના સંબંધમાં અવાય તેટલાના સંબંધમાં તમારે આવવું જોઈએ. મારે તમારી પાસેથી મહાસભાનું કામ લેવું છે.'

ગોખલેને ત્યાં જતાં પહેલાં 'ઈંડિયા ક્લબ'નો એક અનુભવ નોંધું.

આ જ અરસામાં લોર્ડ કર્ઝનનો દરબાર હતો. તેમાં જનારા કોઈ રાજામહારાજા આ ક્લબમાં જતા. ક્લબમાં તો તેમને હું હંમેશાં સુંદર બંગાળી ધોતી, પહેરણ તથા પછેડીના પોશાકમાં જોતો. આજે તેમણે પાટલૂન, ઝભ્ભો, ખાનસામાની પાઘડી અને ચમકદાર બૂટ પહેર્યાં. મને દુઃખ થયું ને મેં આવા ફેરફારનું કારણ પૂછ્યું.

'અમારું દુઃખ અમે જાણીએ. અમારા પૈસા ને અમારા ઈલકાબો રાખવા સારુ અમારે જે અપમાનો સહન કરવાં પડે છે તે તમે કઈ રીતે જાણો?' જવાબ મળ્યો.

'પણ ખાનસામાશાઈ પાઘડી ને આ બૂટ શા?'

'અમારામાં ને ખાનસામામાં તમે શો ફેર ભાળ્યો? તેઓ અમારા તો અમે લોર્ડ કર્ઝનના ખાનસામા. હું લેવીમાંથી ગેરહાજર રહું તો પણ મારે સોસવું પડે. હું મારા સામાન્ય પોશાકમાં જઉં તો એ ગુનો ગણાય. અને ત્યાં જઈને પણ મને કંઈ લોર્ડ કર્ઝનની સાથે વાત કરવા મળવાની કે? મુદ્દલ નહીં.'

મને આ નિખાલસ ભાઈ ઉપર દયા આવી.

આવા જ પ્રસંગનો બીજો એક દરબાર મને યાદ આવે છે. જ્યારે કાશી હિંદુ વિદ્યાપીઠનો પાયો લોર્ડ હાર્ડિંગને હાથે નંખાયો ત્યારે તેમનો દરબાર હતો. તેમાં રાજામહારાજાઓ તો હોય જ. ભારતભૂષણ માલવીજીએ મને પણ તેમાં હાજરી આપવાનો ખાસ આગ્રહ કર્યો હતો. હું ત્યાં ગયો હતો. રાજામહારાજાઓના કેવળ ઓરતોને જ શોભે એવા પોશાક જોઈ હું ખૂબ દુઃખી થયો. રેશમી ઈજાર, રેશમી અંગરખાં ને ડોકમાં હીરામોતીની માળાઓ! હાથે બાજુબંધ ને પાઘડી ઉપર હીરામોતીનાં લટકણિયાં! આ બધાની સાથે કેડે સોનાની મૂઠવાળી તલવાર લટકતી હોય. આ તેમના રાજ્યાધિકારની નહીં પણ તેમની ગુલામીની નિશાનીઓ હતી એમ કોઈએ કહ્યું. હું માનતો હતો કે, આવાં નામર્દીનાં આભૂષણ તેઓ સ્વેચ્છાએ પહેરતા હશે. મને ખબર મળી કે, આવા મેળાવડામાં રાજાઓએ પોતાનાં બધાં કીમતી ઘરેણાં પહેરવાં જ જોઈએ એવી ફરજ હતી. મેં જાણી લીધું કે, કેટલાંકને તો આવાં ઘરેણાં પહેરવાનો તિરસ્કાર હતો, ને આવા દરબારના પ્રસંગ સિવાય બીજી કોઈ વખતે તેઓ એવાં ઘરેણાં પહેરતા નહોતા. આ હકીકત કેટલે અંશે સાચી હતી તે હું નથી જાણતો. તેઓ બીજે પ્રસંગેપહેરતા હો યા ન પહેરતા હો, વાઈસરોયના દરબારમાં શું કે બીજે શું, ઓરતોને જ શોભે એવાં આભૂષણો પહેરીને જવું પડે એ જ પૂરતો દુઃખદ પ્રસંગ છે. ધન, સત્તા અને માન મનુષ્યની પાસે કેટલાં પાપો ને અનર્થો કરાવે છે!

'સત્યના પ્રયોગો'માંથી સાભાર

## શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી દ્વારા
# નવા વિદ્યાર્થીઓ માટે ટાઉન પ્લાનિંગ સ્પર્ધા



શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીએ મંગળવારે નવા વિદ્યાર્થીઓ માટે ટાઉન પ્લાનિંગ તરીકે ઓળખાતી એક સ્પર્ધા યોજી હતી. વિદ્યાર્થીઓએ કેમ્પસની આજુબાજુમાંથી કચરો ભરી આ સામગ્રીનો ઉપયોગ ટાઉન પ્લાનિંગનાં મોડેલ બનાવવા માટે કર્યો હતો. પ્રો.વિનય જયસિંહની અને પ્રો.પ્રકૃતિ શાહના માર્ગદર્શન હેઠળ આ સ્પર્ધા યોજવામાં આવી હતી.

## મહંમદ રફીની પુણ્યતિથિ નિમિત્તે ડૉ. આંબેડકર હૉલમાં
# સ્મિત મ્યુઝિક દ્વારા યોજાયો ફિલ્મનાં ગીતોનો કાર્યક્રમ




ગાંધીનગર, તા. ૩૦

હિન્દી ફિલ્મ જગતના જાણીતા પાર્શ્વગાયક મહંમદ રફીની ૩૯મી પુણ્યતિથિ નિમિત્તે 'રફી કી યાદ, મુકેશ-કિશોર ભી સાથ' શીર્ષક હેઠળ ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે ગીતોના કાર્યક્રમનું આયોજન સ્મિત મ્યુઝિક દ્વારા કરવામાં આવ્યું હતું. શહેરના યુવા અને સિનિયર ગાયકોએ આ કાર્યક્રમમાં ભાગ લઈ મધુરા ગીતોની મોજ કરાવી હતી. પ્રદીપસિંહ બિહોલા, ડૉ. નરેન્દ્ર જી, નીતિનભાઈ પટેલ, મનોજભાઈ, દિલીપભાઈ શાહ, હસમુખભાઈ શાહ, કનુ પટેલ, ચેતનભાઈ, ગિરીશ શાહ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.